જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૮/૨૦૧૪ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૨૧૯૮/૧૪

**ગણેશ મહોત્સવ પહેલાં કોઇ ભાંગફોડીયા પ્રવૃત્તિને અંજામ આપે તે પહેલાં એક ઇસમને તમંચા સાથે રંગેહાથ પકડી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રી તથા ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ નાઓની સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ આગામી ગણેશ મહોત્સવને ધ્યાને લઇ અમદાવાદ શહેરમાં કોઇ અસામાજીક તત્વો સક્રિય ન બને તેમજ કોઇપણ પ્રકારની ભાંગફોડીયા પ્રવૃત્તિને અંજામ ન આપે તે બાબતે સુચના કરતાં પોલીસ ઇન્સ્પેકટર કિરણ પટેલ નાઓની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરા તથા ટીમના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન એક ઇસમ નામેસુજીતકુમાર રણજીતસિંગ રામબ્રિજસિંગ ઠાકુર (રાજપુત) ઉવ.૨૧ રહેવાસી ૬, માલાનગર ગુરુકૃપા ટેનામેન્ટ રંગોલીનગર નારોલ ગામ વટવા અમદાવાદ શહેર મુળ વતન ગામ ભાલુવા પોસ્ટ કુન્ડા થાના ગોવિંદપુર જીલ્લા નવાડા બિહારનાને નારોલ સર્કલ ખાતેથી પકડી પાડી તેની પાસેથી એક દેશી બનાવટનો તમંચો કબ્જે કરવામાં આવેલ છે.

સદર આરોપીઓની સઘન પુછપરછ કરતાં બિહારના એક ઇસમ જેનુ નામ ઠામ પોતાને હાલ યાદ નથી તે ઇસમ પાસેથીઆ તમંચો ખરીદેલ હોવાની હકિકત જણાવે છે અન સદર ઇસમ આ તમંચા સાથે મળી આવેલ હોય તેકોઇ ગંભીર ગુન્હાને અંજામ આપવા જઇ રહેલ હોવાની પુરે પુરી શકયતા રહેલી છે.

પકડાયેલ આરોપી અવાર નવાર પોતાના વતન બિહારજતો આવતો રહે છે અને હથિયારોનો કારોબાર ચલાવતાં ઇસમો સાથે સંપર્કો હોવાની પુરેપુરી સંભાવનાઓ રહેલ છે અને સદર આરોપીએ આ હથિયારની મદદથી કોઇ ગુન્હાને અંજામ આપેલ છે કે કેમ તે બાબતે તેની ઉડાણ પુર્વકની પુછ પરછ તપાસ ચાલુ છે.

આ અંગે સદર ઇસમ કોઇ ગંભીર ગુન્હાને અંજામ આપે તે પહેલાં તેને પકડી પાડી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે કોઇ મોટો ગુન્હો બનતો અટકાવેલ છે જેની આગળની તપાસ હાલમાં ચાલુ છે આ ઇસમની વધુ પુછપરછમાં આવા પ્રકારના હથિયારોની હેરાફેરી કરવા રેકેટનો મોટો કારોબાર બહાર આવે તેવી શકયતાઓ છે જે બાબતે હાલમાં તપાસ ચાલુ છે.

## દેશી તમંચા સાથે બંટી S/o રાજનસીંગ સિસોદીયા (ઠાકુર)નાને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા નાઓએ અમદાવાદ શહેરમાં બની રહેલ હત્યાના ગુન્હાઓ અનુસંધાને ગેરકાયદેસર હથિયારો રાખતા ઇસમોને શોધી કાઢવા સારુ આપેલ સુચના અન્વયે નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઆના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સ્કોર્ડના હેડ.કોન્સ.હર્ષદભાઇ મનોહરભાઇનાઓને મળેલ બાતમી હકિકત આધારે બંટી S/o રાજનસીંગ ચંદ્રભાણસીંગ સિસોદીયા (ઠાકુર) ઉવ.૨૦ રહેવાસીઃ શર્મીલા દિલીપભાઇ ના મકાનમાં, છારાનગર, પાણીની ટાંકી પાસે, કુબેરનગર, અમદાવાદ શહેર મુળ વતનઃ ગામ નિબોરા થાનાઃ નિબોરા તાલુકોઃ ફતેહબાદ જીલ્લોઃ આગ્રા ઉતરપ્રદેશનાને કુબેરનગર બંગલા એરીયા હરીયાળી પાન સેન્ટર સામે જાહેર રોડ ઉપરથી એક દેશી તમંચો તથા ત્રણ(૩) જીવતા કારતુસો સાથે ઝડપી પાડી તેના વિરુધ્ધમાં પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી જે.એન.ઝાલાનાઓએ ફરીયાદ આપતા પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણાનાઓએ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.સદર પકડાયેલ ઇસમની પુછપરછ દરમ્યાન તેના વતનથી દેશી તમંચો તથા જીવતા કારતુસ વેચાણ કરી નાણા કમાવવા સારુ મેળવી લાવેલ હોવાની હકિકત જણાઇ આવેલ છે.પકડાયેલ ઇસમની પ્રાથમિક પુછપરછ માં તે અગાઉ કોઇ ગુન્હા માં પકડાયેલ નથી આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એચ.પી.કરેણ નાઓ ચલાવી રહેલ છે.

## ઘરફોડ ચોરીના ગુનામાં મુદ્દામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટેપેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ ઇસમ દિનેશ દીલીપભાઇ ચુનારા ઉ.વ. ૨૦ રહે. ભમરીયા ખજુરીયા હનુમાન, ગેસના ગોડાઉનની પાછળ લાંભા ટર્નીગ પાસે વટવા અમદાવાદ શહેર નાને આજરોજ તા. ૨૮/૦૮/૨૦૧૪ ના રોજ અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન આજથી દોઢેક માસ પહેલાં ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપી દિનેશ ચુનારા તથા તેના અન્ય બે સાગરીતો સાથે એક લેડીઝના ઘરમાં જઇ ચેઈન તોડી ભાગી ગયેલ તથા બાયડ ખાતે સદરી આરોપી તેના સાગરીત સાથે જઇ સોનાના દાગીના મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. સદરી આરોપી પાસેથી સોનાની ચેઈન તથા ચાર વીંટી તથા ચાંદી કબજે કરવામાં આવેલ છે..

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.